Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

GYM ENTRY I-CARD

Name: _____

Address: _____

_____

_____

MO. No.: _____

Mail Id._____

I/C. Director
Youth Welfare &
Physical Education

Batch Name: _____

Gym Entry Fees: _____

Time: _____

Month					
January	**February**	**March**	**April**	**May**	**June**
July	**August**	**September**	**October**	**November**	**December**

Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

UNIVERSITY GYM FORM

Name:	
Address: Pincode:	
State:	
Mo.No:	
Email ID:	
DOB:	
College /Department	
Sem :	
Session :	Morning / Evening
Time :	
Student/ Employee	
Aadhar card:	
Pancard:	
Ground :	Gym
Ground Name:	Gym

બાંહેધરી પત્રક

આથી હું નીચે સહી કરનાર _____

રહે. _____

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સ્થાપિત નીચે દર્શાવેલ તમામ શરતો અને નિયમોને પાલન કરવા માટે મારી સંમતિ અને બાંહેધરી આપું છું.

તાજેતરનો
રંગીન ફોટો
ચોટાડવો

સ્પોર્ટ્સ સંકુલના જીમના ઉપયોગ સઁદર્ભના નિયમો:

૧. અરજદારે રજીસ્ટ્રેશન માટે નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. નિયત ફોર્મ યુનિવર્સિટીની વેબસાઇટ ખાતેથી મેળવીને અરજી કરવાની રહેશે.

૨. નિયત ફોર્મમાં ફોટોગ્રાફ તથા રહેઠાણના જરૂરી પુરાવા, આધાર કાર્ડ,પાનકાર્ડ, ફી રસીદ,વિભાગ/કોલેજ આઈકાર્ડ સહિત તેમાં જણાવેલ તમામ વિગતો ભરી ફી રસીદ સાથે સમય મર્યાદામાં યુનિવર્સિટી ખાતે જમા કરાવીને પોતાનો આઈ-કાર્ડ મેળવવાનો રહેશે.

૩. નિયત કરેલ ફીની ભરપાઈ થયા બાદ જ જીમમાં પ્રવેશ આપવામાં આવશે.

૪. દરેક વિદ્યાર્થી/કર્મચારી/વ્યક્તિઓએ યુનિવર્સિટી તરફથી આપવામાં આવેલ જીમનો આઈ-કાર્ડ ફરજિયાત પણે દરરોજ સાથે લાવવાનું રહેશે. આઈ-કાર્ડ ખોવાય જાય અથવા ફાટી જાય તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે વિદ્યાર્થી/કર્મચારી/વ્યક્તિની રહેશે.

૫. જીમમાં આવનાર તમામ વિદ્યાર્થી/કર્મચારી/વ્યક્તિઓએ પ્રવેશતાં અને બહાર નીકળતાં રજિસ્ટરમાં હાજરી/એન્ટ્રી નોંધવી ફરજિયાત રહેશે.

૬.જીમમાં નક્કી કરેલા સત્તાવાર સમય સિવાય કોઈપણ સમયે પ્રવેશ કરીશ નહીં.

૭. જે તે વિદ્યાર્થી/કર્મચારી/વ્યક્તિ ને ફાળવેલ ચોક્કસ બેચ સિવાય અન્ય કોઈપણ બેચ કે સમયે પ્રવેશ મળશે નહીં.

૮. જીમમાં મહિલા બેચ ચાલતો હોય તે દરમિયાન કોઈપણ પુરુષ સભ્યને અંદર પ્રવેશ કરવો નહીં.જીમમાં મહિલા અને પુરુષ બંનેના બેચ અલગ-અલગ રહેશે, સંયુક્ત (સાથે) પ્રવેશ કે કસરત માન્ય રહેશે નહીં.

૯. જીમ ફ્લોર પર કચરો, ગંદકી કે ધૂળ ન થાય તે માટે બહાર પહેરેલા બૂટ કે ચંપલ પહેરીને પ્રવેશ કરવો નહીં; "જીમ માટે અલગ રાખેલા સાફ સ્પોર્ટ્સ શૂઝનો જ ઉપયોગ ફરજીયાત કરવો".

૧૦. જીમમાં યોગ્ય સ્પોર્ટ્સ ડ્રેસ (ટ્રેકપેન્ટ અને ટી-શર્ટ) પહેરવો ફરજિયાત રહેશે; જીન્સ, ફોર્મલ પેન્ટ કે ખુલ્લા કપડાં પહેરીને કસરત કરવાની મંજૂરી મળશે નહીં.

૧૧. કસરત દરમિયાન દરેક વિદ્યાર્થી/કર્મચારી/વ્યક્તિ પોતાનો અંગત હાથરૂમાલ (નેપકીન) અને પાણીની બોટલ સાથે લાવવું ફરજિયાત રહેશે.

૧૨. યુનિવર્સિટી દ્વારા બીજા(૨) અને ચોથા(૪) શનિવારે, રજાના દિવસે તથા યુનિવર્સિટી દ્વારા નક્કી કરેલ સમયગાળા દરમિયાન જીમ અને સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ બંધ રાખવામાં આવશે. તેમજ સંજોગોને આધીન યુનિવીર્સીટી અન્ય દિવસેપણ જીમ બંધ રાખી શકશે.

૧૩. ઉપયોગ કર્યા બાદ સાધન પર લાગેલો પરસેવો નેપકીન વડે સાફ કરવાની જવાબદારી જે તે વિદ્યાર્થી/કર્મચારી/વ્યક્તિની રહેશે.

૧૪. ઉપયોગ કરેલા તમામ સાધનોને ફરીથી પોતાની મૂળ જગ્યાએ અને પહેલાં જેવી સ્થિતિમાં હતાં તેવી જ વ્યવસ્થિત સ્થિતિમાં મૂકવા.

૧૫. કોઈપણ સાધનોનો ઉપયોગ અયોગ્ય, ગમે તેમ કે બેદરકારીપૂર્વક કરવો નહીં તેમજ કોઈપણ કસરત બેદરકારીપૂર્વક કે અયોગ્ય ટેકનિકથી કરવી નહીં

૧૬. કોઈપણ સાધનોનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તથા કઈ કસરતો કરવી તેનું માર્ગદર્શન અને પરવાનગી કોચશ્રી પાસેથી લેવાની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થી/કર્મચારી/વ્યક્તિની રહેશે.

૧૭. કોઈપણ એક્સરસાઇઝ વધુ વજન સાથે કરતાં પહેલાં કોચશ્રીની પૂર્વ મંજૂરી અને માર્ગદર્શન લેવું ફરજિયાત છે.

૧૮. વ્યાયામ દરમિયાન ડમ્બેલ કે બાર્બેલને જાણીજોઈને કે બેદરકારીપૂર્વક જમીન પર પછાડવા નહીં.

૧૯. જીમનું કોઈપણ સાધન જીમની ની બહાર લઈ જવું નહીં. જો કોઈ વ્યક્તિ સાધન બહાર લઈ જતી જણાશે તો તેની સામે કડક શિક્ષાત્મક તેમજ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે તેમજ વિદ્યાર્થી/કર્મચારી/વ્યક્તિએ જીમ પરિસરમાં બહારથી કોઈપણ અનઅધિકૃત સાધન લાવવું નહીં.

૨૦. બેદરકારી કે તોડફોડના કારણે જીમના સાધનોને નુકસાન થશે તો તેનું સંપૂર્ણ આર્થિક વળતર સંબંધિત વિદ્યાર્થી/કર્મચારી/વ્યક્તિ પાસેથી વસૂલવામાં આવશે.

૨૧. જીમ પરિસરમાં અભદ્ર, તુચ્છ, અશોભનીય ભાષા બોલવી નહીં તેમજ કોઈની સાથે તકરાર કે ગેરવર્તણૂક કરવી નહીં.

૨૨. જીમના કોચશ્રી, ટ્રેનર કે સ્પોર્ટ્સ વિભાગના વહીવટી સ્ટાફ/કર્મચારીઓ સાથે કોઈપણ પ્રકારની દલીલ, ગેરવર્તણૂક કે તરતકરાર કરવી નહીં.

૨૩. જીમમાં અન્યોની પ્રાઇવસીનો ભંગ થાય તે રીતે મોબાઈલ ફોન પર ફોટોગ્રાફી કે વીડિયોગ્રાફી કરવી નહીં.

૨૪. જીમ માં તમાકુ, ગુટખા, સિગારેટ, દારૂ કે કોઈપણ પ્રકારના કેફી દ્રવ્યો લાવવા કે સેવન કરવા પર સખત પ્રતિબંધ છે.

૨૫. જીમમાં લાવવામાં આવેલ મોબાઈલ, પર્સ, ઘડિયાળ કે અન્ય કિંમતી સામાનની સાચવણીની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થી/કર્મચારી/વ્યક્તિની પોતાની રહેશે. સામાન ખોવાઈ જવાના કિસ્સામાં યુનિવર્સિટી કે જીમ સ્ટાફ કોઈ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

૨૬. જિમના કોચશ્રી કે કર્મચારી દ્વારા પ્રતિબંધિત કરેલ સાધનો કે વસ્તુ નો ઉપયોગ કરવું નહી.

૨૭. પરવાનગી કે માર્ગદર્શન વિના વધુ વજન ઉંચકવાથી કે ખોટી રીતે કસરત કરવાથી થતા કોઈપણ જાનમાલના નુકસાન કે શારીરિક માનસિક ઈજાની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થી/કર્મચારી/વ્યક્તિની રહેશે.

૨૮. હું બાંહેધરી આપું છું કે મને કોઈપણ પ્રકારની હૃદયની બીમારી, હાઈ/લો બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, અસ્થમા, શ્વાસની તકલીફ, હાડકાં કે સાંધાની ગંભીર સમસ્યા, ખેંચ અથવા કોઈપણ પ્રકારની ગંભીર શારીરિક કે માનસિક બીમારી નથી. હું શારીરિક અને માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થ છું અને નિયમિત વ્યાયામ કરવા માટે તબીબી દ્રષ્ટિએ સક્ષમ છું.

૨૯. જો મને કોઈ શારીરિક કે માનસિક ઈજા, દુખાવો, બીમારી કે તકલીફ હોય કે ભવિષ્યમાં જણાય, તો તેની જાણ અગાઉથી જીમ કોચશ્રીને કરવાની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે. જો હું આ બાબતે જાણ કર્યા વિના જીમમાં પ્રવેશીશ કે એક્સરસાઇઝ કરીશ અને તેનાથી કોઈ શારીરિક નુકસાન કે દુર્ઘટના થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે.

૩૦. હું બાહેંધરી આપું છું કે કસરત દરમિયાન, સાધન વાપરતી વખતે કે વધુ વજન ઉંચકતી વખતે અયોગ્ય ટેકનિક, બેદરકારી કે સૂચનાઓના ઉલ્લંઘનને કારણે જો કોઈ જાનમાલનું નુકસાન, અકસ્માત, કે શારીરિક ઈજા થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી મારી પોતાની રહેશે. આ અંગે યુનિવર્સિટી, સ્પોર્ટ્સ વિભાગ, કોચશ્રી કે કોઈપણ વહીવટી કર્મચારીઓ જવાબદાર રહેશે નહીં.

૩૧. જીમનું સભ્યપદ માત્ર ચાલુ શૈક્ષણિક સત્ર અને કોચશ્રી અથવા વિભાગીય સત્તાધીશ દ્વારા પ્રમાણિત નિયત સમયગાળા પૂરતું જ માન્ય રહેશે, ત્યારબાદ તેનું નવીનીકરણ ફરજીયાત તે વિદ્યાર્થી/કર્મચારી/વ્યક્તિએ કરાવવાનું રહેશે.અન્યથા તે પ્રવેશપાત્ર ગણાશે નહી.

૩૨. "હું આથી સભાન અવસ્થામાં અને હોશ-હવાસમાં પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરું છું કે, ઉપર જણાવેલી તમામ વિગતો મારી જાણ મુજબ સંપૂર્ણ સત્ય છે. જો તેમાં કોઈપણ માહિતી ખોટી કે અધૂરી જણાશે અથવા જીમના નિયમોનો ભંગ થશે, તો કોઈપણ પૂર્વ નોટિસ વિના મારું સભ્યપદ રદ કરવાનો, કાર્ડ જપ્ત કરવાનો તેમજ શિસ્તભંગનાં પગલાં લેવાનો યુનિવર્સીટી વહીવટતંત્રને સંપૂર્ણ અધિકાર રહેશે, જે મને બિનશરતી કબૂલ અને મંજૂર છે."

બાહેંધરી : ઉપર દર્શાવેલ તમામ નિયમનું પાલન ફરજિયાત પણે કરીશ. તેની હું લેખિત બાહેંધરી સભાન અવસ્થામાં આપું છું.

સહી: _____ તા. _____